# પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

**જાહેરનામા ક્રમાંક – ગ/ઉપક/લાયસન્સ શાખા/૪૪૩૫ /૨૦૧૭, તા.૧૭/૧૨/૨૦૧૭**

---

જાહેરનામુ :

છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ) ઉડાડવાની પ્રથા શરૂ થયેલ છે. અનુભવે જણાયુ છે કે આવા પ્રકારના સ્કાય લેન્ટર્ન ઉડાડવાથી કોઇ મોટી દુર્ઘટના અથવા જાનહાનિનો બનાવ બની શકે તેમ છે. જે જાહેર સલામતી અને સુરક્ષા માટે જોખમરૂપ છે. સ્કાય લેન્ટર્નના ઉપયોગથી પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. જેથી અમદાવાદ શહેરની જાહેર સલામતી અને સુરક્ષાને ધ્યાને લઇ સ્કાય લેન્ટર્નના ઉપયોગ અંગે વ્યાજબી પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે. તેમજ કોઇ વ્યંકતીઓને, પશુ, પક્ષીઓને, કોઇ મિલકતને ભય,ઇજા,ઘાસ્તી થાય એવી રીતે પતંગ ઉડાડવો તે અંગે પ્રતીબંધ મુકવો જરૂરી જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ-૩૩(૩)(યુ),૧૧૩ અન્વયે મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર, પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમાં આવેલ જગ્યાઓએ સ્કાય લેન્ટર્નનાં આયાત, ઉત્પાદન, વેચાણ, વ્યાપાર, સંગ્રહ અને ઉડાડવા ઉપર અને કોઇ વ્યકતીઓને, પશુ, પક્ષીઓને, કોઇ મિલકતને ભય,ઇજા,ઘાસ્તી થાય એવી રીતે પતંગ ઉડાડવો તે અંગે પ્રતીબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર શખ્સ આઇપીસી કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ ની કલમ- ૧૩૧,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ તારીખ:-૧૭/૧૨/૨૦૧૭ થી તારીખ:-૧૬/૦૧/૨૦૧૮ સુધી રહેશે.

આજ રોજ તા.૧૭/૧૨/૨૦૧૭ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ માટે બહાર પાડવામાં આવેલ છે.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:

1. અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર.
2. પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન ગાંધીનગર.
3. કલેકટરશ્રી જિલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.

4. પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી ફોરેસ્ટ અને એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટ, બ્લોક નં. ૧૪, આઠમો માળ, સચિવાલય, ગાંધીનગર
5. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
6. રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
7. રજીસ્ટ્રારશ્રી સેશન કોર્ટ, ભદ્ર, અમદાવાદ (૫ નકલ)
8. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા, અમદાવાદ (૨૫ નકલ)
9. અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દાણાપીઠ, અમદાવાદ શહેર
10. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટન કોર્ટ,અમદાવાદ શહેર
11. સીનીયરપબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
12. મેનેજરશ્રી ગવર્મેટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેંટ વડોદરા
    ૨/-ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા સારૂ
13. માહિતીનિયામકશ્રી, સચિવાલય, ગાંધીનગર (૨ નકલ)
    ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ કરવા સારૂ

નકલ રવાના:

1. ખાસ/સંયુક્ત/અધીક  પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર – ૧ અને ૨, ક્રાઇમ, વિશેષ શાખા,મુખ્ય મથક તથા ટ્રાફિક, અમદાવાદ શહેર.
2. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,ઝોન-૧ થી૭/ક્રાઇમ શાખા/ટ્રાફીક/કંટ્રોલરૂમ  અમદાવાદ શહેર.
3. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,એ થી એન ડીવી. ક્રાઇમશાખા/SOG/ટ્રાફીક/વિ.શાખા અમદાવાદ શહેર.
4. જનસંપર્ક અધિકારી કંટ્રોલ રૂમ, અમદાવાદ શહેર
   - જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રો, દુરદર્શન, આકાશવાણીમાં પ્રસિદ્ધ કરવા સારૂ.
5. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક શાખા, અમદાવાદ શહેર (૮ નકલ)
   - ટ્રાફિક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાણ કરવી
6. તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.
   જાણ  તેમજ અમલ સારૂ તેમજ જાહેરનામાની આપના પો.સ્ટે. વિસ્તારમાં બહોળી પ્રસિધ્ધિ આપવી.